૩૯-૧૪-૪૦૬૩


નિયામક

ક્રમાંક:જીસીઇઆરટી/તાલીમ/૨૦૨૦-૨૧/
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન' સેકટર-૧૨, ગાંધીનગર
Email: gcerttraining@gmail.com

તારીખ: 01/07/2020 02

પ્રતિ,

**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ**

**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ**

**શાસનાધિકારીશ્રી,તમામ**

**વિષય:** શિક્ષકોના **Professional Development** માટે આઇ.આઇ.ટી.ઇ., ગાંધીનગર દ્વારા સંચાલિત વિવિધ કોર્સમાં જોડાવવા બાબત

**સંદર્ભ:** આઇ.આઇ.ટી.ઇ., ગાંધીનગરના પત્રક્રમાંક: IITE/CoExt/07 2020/1

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે વર્ગખંડ શિક્ષણની ગુણવત્તામાં અભિવૃધ્ધિ થાય તેમજ શિક્ષકોની વિષયવસ્તુ આધારિત સમસ્યાઓનું નિરાકરણ મળે તે હેતુસર જીસીઇઆરટી દ્વારા શિક્ષકોને તાલીમબધ્ધ કરવાની કામગીરી છેલ્લા ઘણાં વર્ષોથી કાર્યરત છે.

હાલ કોવિડ-૧૯ની મહામારીને કારણે શિક્ષકોની ફેસ ટુ ફેસ તાલીમ શક્ય બને તેમ ન હોઇ જીસીઇઆરટી દ્વારા દીક્ષા પ્લેટફોર્મના માધ્યમથી ૧૬ ઓનલાઇન કોર્સ શિક્ષકો માટે ઉપલબ્ધ કર્યા છે અને લગભગ ૧.૨૫ લાખ શિક્ષકો સ્વૈચ્છિક ધોરણે તેનો લાભ લઇ રહ્યાં છે.

આઇ.આઇ.ટી.ઇ., ગાંધીનગરના ઉક્ત સંદર્ભપત્ર અન્વયે વિવિધ કોર્સ રાજ્યભરના શિક્ષકો માટે લોન્ચ કરવામાં આવેલ છે, અને આ કોર્સનો લાભ લઇ શિક્ષકો તેમની શૈક્ષણિક સજ્જતામાં અભિવૃધ્ધિ કરે તેવી અપેક્ષા છે.

Scanned by CamScanner

આ સાથે આઇ.આઇ.ટી.ઇ., ગાંધીનગર દ્વારા લોન્ચ કરેલ વિવિધ કોર્સની વિગતોનું બ્રોશર સામેલ છે. જેમાં કોર્સ રજીસ્ટ્રેશન, સમય અવધિ, ફી સંબંધી તમામ વિગતો આમેજ થયેલ છે. આ બાબતોને ધ્યાને લઇ રાજયના સરકારી શિક્ષકો આ કોર્સથી લાભાન્વિત બની તેમની વ્યાવસાયિક સજ્જતામાં અભિવૃધ્ધિ કરે તે હેતુસર આપના જિલ્લાના શિક્ષકો આ કોર્સમાં જોડાય તે માટે સૂચના આપવા આગ્રહભરી વિનંતી છે.

| | | |
|---|---|---|
| નિયામક | નિયામક | નિયામક |
| જીસીઇઆરટી | પ્રાથમિક શિક્ષણ | શાળાઓની કચેરી |
| ગાંધીનગર | ગાંધીનગર | ગાંધીનગર |

બિડાણ: આઇ.આઇ.ટી.ઇ., ગાંધીનગરના પ્રોફેશનલ ડેવલપમેન્ટ કોર્સની માહિતીનું બ્રોશર

નકલ રવાના:

1. પ્રમુખશ્રી અને મંત્રીશ્રી, ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘ
2. પ્રમુખશ્રી અને મંત્રીશ્રી, ગુજરાત રાજય શૈક્ષિક મહાસંઘ
3. માધ્યમિક શિક્ષક સંઘ, ગ્રાન્ટેડ અને સરકારી
4. ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ, ગ્રાન્ટેડ અને સરકારી

Registration Form Link for IITE Certificate

Payment Link for IITE Certificate Courses

ક્રમાંક:/૧૩૭૬૩
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા, પાલનપુર
તારીખ:૨૪/૦૭/૨૦

૨/- નકલ રવાના જાણ વ અમલ સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ(સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ) તમામ.
જિ.બનાસકાંઠા.

Scanned by CamScanner